ગાંધીનગર સમાચાર
તા. ૯-૫-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ૨૦૧૪ની ચૂંટણી : વાણીવિલાસનો વિક્રમ

લાલકૃષ્ણ અડવાણી જેવા રાષ્ટ્રીય નેતાને ૨૦૧૪ની ચૂંટણી અત્યાર સુધીની તમામ ચૂંટણીઓ કરતાં કંઈક જુદી લાગે છે. 'ઐસા ચુનાવ આજ તક દેખા નહીં' કહીને વયોવૃદ્ધ નેતા આ ચૂંટણીને અત્યાર સુધીની ચૂંટણીઓમાં શિરમોર ગણાવે છે. પરંતુ આ ચૂંટણી ખરેખર તો શિરમોર બની રહી છે વાણી વિલાસના મુદ્દે રામદેવ જેવા સાધુએ રાહુલ ગાંધીને દલિતોના ઘરે હનીમુન કરવા જતા હોવા કહી દે બેહૂદી ભાષાનો પરિચય આપ્યો તે સંતને શોભે ખરી? માયાવતી એમને ગમેતેટલી ગાળો આપે તો પણ ઓછી જ પડે. સૌથી વધુ કટાક્ષમય અને સામેના હરીફને બરાબર ચોટ લાગે એવી ભાષા ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી વાપરી જાણે છે. એમને સામે બેઠેલો શ્રોતાસમુદાયને કેવી ભાષા ગમશે અને એ કયા શબ્દો પર તાળીઓ પાડશે, એની બરાબર ખબર હોય છે. તાળીઓ તો પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી પણ પડાવી જાણતા હતા. એમની વાકછટા, અંગભંગિમા અને શબ્દોનું ચયન, એ બધું સાથે મળીને એમને દેશના શ્રેષ્ઠ નેતા અને શ્રેષ્ઠ વકતા તરીકે પ્રસ્તાપિત કરતું હતું. મોદીની ભાષામાં વાજપેયીની ગરિમા નથી. એમની ભાષામાં કટુતા પ્રદર્શિત થાય છે, સામી વ્યક્તિને ઉતારી પાડવાની વૃત્તિ દેખાય છે. શબ્દોને આડાઅવળા કરવાની એમની તાકાત વખાણવા તેમજ વખોડવા લાયક હોય છે. પ્રિયંકા ગાંધીના શબ્દોનું મનઘડંત અર્થઘટન કરીને એમણે નીચલી જાતિના મતદારોને પ્રભાવિત કરવાનો ઝનૂની પ્રયાસ કર્યો હતો તે આપણે જોયો છે. ટીવી પર મોદીને પણ ચાર ચાસણી ચડે એવી ગલીચ ભાષા વાપરનારા કોંગ્રેસી નેતા બેનીપ્રસાદ વર્માને ચૂંટણીપંચનાં ધારાધોરણોની કશી જ તમા નથી. તેઓ મનફાવે એવા આક્ષેપો કરી શકે છે. ફારૂક અબ્દુલલ્લા દાંત કચકચાવીને મોદીના સમર્થકોને સમંદરમાં ફેંકી દેવાની ભલામણ કરી શકે છે, તો ગિરિરાજસિંહ મોદી વિરોધીઓને પાકિસ્તાન ભેગા કરી દેવાની રજૂઆત કરે છે, 'બદલો' લેવાની વાત કરનારા અમિત શાહ આઝમગઢને છે. 'આતંકગઢ' કહી દે છે. કેશુભાઈ પટેલ જેવા 'ઢૂંઢિયા રાક્ષસ' જેવા શબ્દો વાપર્યા હતા. બેનીપ્રસાદ વર્મા પાસે એથી પણ ચડે એવું શબ્દભંડોળ છે. એમણે મોદીને 'રાક્ષસ', 'કસાઈ' અને 'જાનવર' કહ્યા કરે છે. 'કસાઈ' શબ્દનો ઉપયોગ તો મમતા બેનરજીના સાગરીત ઉપરાંત લાલુ યાદવે પણ કર્યો છે. આવી હલકી ભાષા વાપરવાથી બોલનારનું જ મોઢું ગંધાતું હોય છે. મમતા બેનરજી મોદીને 'પેપર ટાઈગર' કહે- કાગળના વાઘ ચીતરે ત્યાં સુધી એ આચારસંહિતાની મર્યાદામાં ગણાય, પરંતુ એમના સાથી પાસે એમને 'બુચર ઑફ ગુજરાત' કહેવડાવે ત્યારે દેખીતી રીતે જ વિવેક ભંગ થાય છે અને એથી ખુદ ભાષાની તૌહીન થાય છે. એ જ મોદી કાલે બહુમતી મેળવીને વડાપ્રધાન થશે તો બંગાળની વાઘણ એમને કઈ રીતે મોઢું બતાવી શકશે? પરંતુ રાજકારણીઓને ગાળોનો છોછ નથી હોતો. બનવાજોગ કે ખૂટતી બહુમતી અંકે કરવા મોદી સામે પગલે એમને 'કસાઈ' કહેનારાઓને મળવા જાય! સમાજવાદી પાર્ટીમાં ભાષા સાથે વ્યભિચાર કરનારા એકથી એક ચડિયાતા નમૂના છે. આઝમખાન મીઠું મલકતાં મલકતાં જનોઈવઢ ઘા કરવામાં માહેર છે. એમણે કરેલાં નિવેદન અને પછી ચૂંટણી પંચ સામે માંડેલો મોરચો પણ ૨૦૧૪ની ચૂંટણીનું યાદગાર પ્રકરણ બની રહેશે. કેજરીવાલ આણિ કંપનીમાં કેજરીવાલ અને કુમાર વિશ્વાસ બેઉ ભાષાવિવેક ચૂકતા રહ્યા છે. એમને પોતાના સિવાયના બધા જ ભ્રષ્ટાચારી લાગે છે. ભાષાની મર્યાદા ઓળંગવામાં શિવસેના શિરમોર રહેતી આવી છે. હવે બાલાસાહેબનો વારસો ઉદ્ધવ ઠાકરે અને 'મનસે'ના સેનાપતિ રાજ ઠાકરે સંભાળી રહ્યા છે. આપણી દેશી ગુજરાતીમાં બેકહેવતો છે : કેટલાકની 'ગાળો ગોળ જેવી' લાગતી હોય છે. બીજી કહેવત છે 'માર ખાય તે માલ ખાય.' મોદીએ આ ચૂંટણીમાં સૌથી વધારે ગાળો ખાધી છે અને આપી પણ છે. અલબત્ત, એમની ગાળો શિષ્ટ ભાષાના પ્રયોગો તરીકે વ્યકત થઈ છે. 'શાહજાદા', 'અહમદમિયાં' કે 'મેડમ સોનિયાજી'નો જે કાકુ સાથે ઉચ્ચાર થાય છે, તે આચારસંહિતામાં ભલે વિવેકભંગ ન ગણાતો હોય પણ સામાવાળાને પૂછો તો ખબર પડે કે એને કેવી ચચરાટી થાય છે! ચૂંટણીપંચ આવા વાણીવિલાસને અટકાવી નથી શકયું એ પણ કેવી વિડંબના છે!

### નાગરિક પરિષદ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતાના અભિનંદન

બધી જ શાળાના પરીક્ષાના પરિણામો જાહેર થઇ ગયા છે. ત્યારે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ સફળ થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે. અસફળ વિદ્યાર્થી મિત્રોને શરૂઆતથી આયોજન કરી સફળતા મેળવવા પ્રયત્નો કરવા જણાવેલ છે. કારણ કે દરેક નિષ્ફળતામાં સફળતા રહેલી છે. પ્રસંગોપાત વિદ્યાર્થીમિત્રોએ દર્શાવેલ વિદ્યાર્થી મંત્રનું સતત રટન કરવા સંસ્થાના મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે. વિદ્યાર્થી એટલે આવતીકાલનો નાગરિક, વિદ્યાર્થી એટલે સમાજની સુગંધ, વિદ્યાર્થી એટલે ઉગતા સુરજનો રંગ, વિદ્યાર્થી એટલે સમાજનો પાયો, વિદ્યાર્થઈ એટલે શાળાનું ગૌરવ, વિદ્યાર્થી એટલે શિક્ષકનું શિક્ષણ, વિદ્યાર્થી એટલે મા-બાપની લાકડી, વિદ્યાર્થી એટલે ઝરણાની તાજગી, વિદ્યાર્થી એટલે ભારતનું આવતીકાલનું સોનેરી ભવિષ્ય.

# ગુજકેટમાં વિદ્યાર્થી ફિઝિક્સ, કેમેસ્ટ્રીની પ્રશ્નોમાં ગૂંચવાયા

અમદાવાદ, તા.૦૮

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ગુજકેટ-૨૦૧૪ની પરીક્ષા આજે રાજ્યભરનાં ૧૯૪ પરીક્ષા કેન્દ્રો પર લેવાઈ હતી. આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થતાં વહીવટીતંત્રએ હાશકારો અનુભવ્યો હતો જ્યારે પરીક્ષામાં બાયોલોજીના પ્રશ્નો પ્રમાણમાં સરળ હતા પરંતુ ફિઝિક્સ અને કેમેસ્ટ્રીના પ્રશ્નો અઘરા હોવાથી વિદ્યાર્થીઓ ગૂંચવાયા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં આજે ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. જેમાં અંદાજે ૪૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજકેટની પરીક્ષામાં કુલ ૧૨૦ ગુણનાં પ્રશ્નપત્રમાં ૪૦ માર્કસના બાયોલોજી, ૪૦ માર્કસના ફિઝીકસના અને ૪૦ માર્કના કેમેસ્ટરીના પ્રશ્નો પૂછાયા હતા. જે પૈકી બાયોલોજીના પ્રશ્નો પ્રમાણમાં સરળ રહ્યા હતા.

પંરતુ ફિઝીક્સ અને કેમેસ્ટ્રીના પ્રશ્નો અઘરા હોવાથી વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. સમગ્ર પરીક્ષા દરમિયાન ચોરી કે ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હતો. ઉલ્લેખનીય છે કે અમદાવાદ સહીત રાજ્યના ૩૩ જિલ્લા મથકના ૧૯૪ પરીક્ષા કેન્દ્રો પરથી લેવાયેલ ગુજકેટની પરીક્ષામાં ૪૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષામાં ગુજરાત શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓ ઝારખંડ, દિલ્હી, કોલકાત્તા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, ઓરીસ્સા સહીતના રાજ્યોના કુલ ૪૧ જેટલા શિક્ષણ બોર્ડના ૩૪૫૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ સહિત રાજ્યભરમાં પરીક્ષા કેન્દ્રોએ જે તે જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ગુજકેટની પરીક્ષા યોજાઈ હતી.

### કૈલાસ માનસરોવર યાત્રાનો પસંદગી ડ્રો યોજાયો

ગાંધીનગર, તા. ૮

ભારત સરકાર દ્વારા યોજવામાં આવેલ કૈલાસ માનસરોવર યાત્રામાં જે પ્રવાસીઓએ પ્રવેશ ફોર્મ ભર્યા છે. તેમનો સિલેક્શન ડ્રૉ ગત તા. ૨૯ એપ્રિલના રોજ કરવામાં આવ્યો હતો. તેમજ ખાનગી રીતે કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા યાત્રીઓએ પણ જરૂરી માહિતી માટે કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગરના ક્રિષ્ણકુમાર રાણા - ૯૪૨૭૪-૧૯૦૧૨ અને વિપિનભાઈ પંડ્યા - ૯૪૨૬૬-૧૪૯૧૦ પર જાણકારી મેળવવા જણાવાયું છે.

### શ્રીદંઢાવ્ય સત્તાવીશ સહસ્ત્ર વિદ્યાતેજક મંડળ તેજસ્વી તારલાઓને સન્માન કરશે

ગાંધીનગર, તા. ૮

શ્રી દંઢાવ્ય સત્તાવીસ ઝીણી ઔદિચ્ય સહસ્ત્રી વિદ્યાત્તેજક મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવે છે. તો સમાજના ધોરણ-૧૦થી આઘળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કારોબારી સભ્યો તથા મંત્રીશ્રીના કાર્યાલયથી ફોર્મ ભરીને મંત્રીશ્રીના કાર્યાલયમાં પહોંચડવા જણાવેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪માં પાસ કરેલ વિદ્યાર્થીઓએ જ ફોર્મ ભરવું. નવનીતલાલ એસ. ભટ્ટ મંત્રી, ૫૨૩, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર મોકલવવા જણાવેલ છે.

### હરિની દૃષ્ટિ...




ઓફિસ જાઉં છું, મધર્સ ડે ને બે દિવસ જ રહ્યા, રવિવારે તેનું સેલીબ્રેશન રાખી દીધું છે... મમ્મીને ત્યાં સુધીમાં સુધી રાખજે...!!

# જેઈઈ પરીક્ષામાં ઈન્ફોસિટી સ્કૂલનું ૩૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૮

સમગ્ર દેશમાંથી ઈજનેર બનવા માટે જેઈઈની પરીક્ષા ગત એપ્રિલ માસમાં લેવામાં આવી હતી. દેશના ૧૩,૫૬,૮૦૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. ગાંધીનગર જુનિયર સાયન્સ કોલેજના ૧૦૦ વિદ્યાર્થીઓમાંથી ૩૨ વિદ્યાર્થીઓ પાસ થતા કોલેજ પરિવારમાં આનંદનું મોજુ છવાઈ ગયું છે.

ગાંધીનગર શહેરમાં આવેલ ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના ૧૦૦ વિદ્યાર્થીઓએ ઈજનેર બનવા માટે જેઈઈની પરીક્ષા આપી હતી. જેમાંથી શાળાના ૩૨ વિદ્યાર્થીઓ જેઈઈ એડવાન્સ માટે પસંદગી પામ્યા છે.

સમગ્ર દેશમાંથી ઈજનેર બનવા ૧૩,૫૬,૮૦૫ વિદ્યાર્થીઓ દ્વારા જેઈઈ પરીક્ષા આપવામાં આવી હતી. જેમાંથી રાજ્યના ૭૯,૭૦૭ વિદ્યાર્થીઓએ જેઈઈ પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં કુલ ૧૦,૦૩૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા રાજ્યનું પરિણામ ૧૨.૫૯ જેટલુ આવ્યું છે.








અમદાવાદ પબ્લીક સ્કૂલ, (ઈન્દીરા બ્રીજ પાસે) મધર ડેરી સામે 'આવોફી' સંસ્થા દ્વારા અભિનય અને ડાન્સીંગનો ૧૦ દિવસના કેમ્પનું ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં જાણીતા ખલનાયક ફિરોઝ ઈરાની અને ગુજરાતી ફિલ્મોના ડાયરેક્ટર હિતુભાઈ પટેલ હાજર રહ્યા હતા. અભિનય કૂવો છે જે જેટલુ ખેંચી શકે તે ખેંચી લે અખૂટ ભંડાર છે. આ શબ્દો છે ગુજરાતી ફિલ્મના જાણીતા ખલનાયક ફિરોઝ ઈરાનીના. ૧૯૬૩ થી બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મમાં ૧૩ વર્ષથી પ્રથમ ફિલ્મથી જ વિલનની ભૂમિકા અદા કરનાર આ કલાકારે અત્યાર સુધી હિન્દી ફિલ્મો ૧૦૦, ભોજપુરી રાજસ્થાની, ગુજરાતી ભાષાની આજ સુધી ૫૧૮ જેટલી ફિલ્મોમાં પોતાનો દમદાર અભિનય આપ્યો છે. જીગર અમી નાટક પણ કર્યુ. ૧૯૭૦માં વીર રામવાળો પ્રથમ રંગીન ફિલ્મમાં કામ કર્યા બાદ અભિનયયાત્રા અવિરત ચાલી રહી. હોલીવુડના દિગ્ગજ કલાકાર અલપચીનોના અભિનયથી પ્રભાવિત ફિરોઝ ઈરાનીનું માનવું છે કે ખલનાયકની ભૂમિકા કરવાથી અલગ કરવાની તક મળે છે. અને તેમાંય જ્યારે તેના જીવનમાં જ્યારે બદલાવ આવે અને સકારાત્મક વલણ અપનાવે તે સમાજને રૂપેરી પડદે બતાવવાનો આનંદ કંઈ આર જ છે. પોતાનો સામેવાળા એક્ટરને દબાવી પોતાને અભિનય ઉત્કૃષ્ટ દેખાડવા કરતા સાથે મળી કેરક્ટરને ન્યાય આપવામાં આવે તો અવશ્ય ઉત્કૃષ્ટ સર્જન થઈ શકે છે. તેમ કહેતા ફિરોઝ ઈરાનીને તેમની ફિલ્મોમાંથી પસંદગી ફિલ્મ 'નસીબની બલીહારી' ફિલ્મની વાત કરી હતી. જેમાં આજના ગુજરાતી અને હિન્દી સીને જગતના સુપ્રસિદ્ધ કલાકાર પરેશ રાવલની પ્રથમ અભિનીત ફિલ્મ હોવા છતાં કામ પ્રત્યેની લગન અને એકાગ્રતાને આજ દિન સુધી ભુલી શક્યા નથી. એક અદાકાર તરીકે સ્ટેજ અને નાટકનો અનુભવ હોવો ખૂબ જરૂરી છે. ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને આગળ લાવવા સરકારે નિયમોમાં ફેરફાર કરવા જોઈએ અને પ્રોત્સાહન આપવા પુરસ્કૃત ફિલ્મોની જાહેરાત કરવી જોઈએ. તેમજ પાયરસી પર સખત રીતે પ્રતિબંધ લાદવો જોઈએ તે વિશે કહેતા ફિરોઝ ઈરાનીએ આમીરખાન, દેવાનંદ જેવા બોલીવુડ સ્ટાર સાથે કામ કરી ચૂક્યા છે. તેમની ઈચ્છા સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સાથે કામ કરવાની છે. પૈસા કરતા જ્યાં કામ કરવાથી સંતોષ મળે તેવું નેગેટીવ રોલથી જાણીતા થયેલા ફિરોઝ ઈરાનીને હજુ ઘણુ બધુ કરવાનું બાકી છે તેમ તેમનું માનવું છે. ફિરોઝ ઈરાનીની એક ખાસીયત એ છે કે પોતાની ફિલ્મો હંમેશા થિયેટરમાં જઈ દર્શકોની વચ્ચે બેસી જોવે છે અને જે પ્રતિભાવ મળે તેથી મારો અભિનય નિખરે છે. દરેક કલાકાર એકટીંગ, ડાન્સીંગ વગેરે તાલીમ લઈને જ આવવું જોઈએ.

'માતૃભાષા સાથે કામ કરવાનો મોકો મળે તે ઉત્તમ તક છે.' આ શબ્દો છે ગુજરાતી ફિલ્મોના જાણીતા દિગ્દર્શક હિતુભાઈ પટેલના. 'આવોફી'ના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે આવેલા હિતુભાઈ પટેલે પોતાની ૨૦ વર્ષની ફિલ્મી કેરીયરમાં ગુજરાતી ભાષા પ્રત્યેના લગાવ અને ગ્રામીણ લોકોની લાગણીઓને ભરપુર વાચા આપી છે. આસીસ્ટન કેમેરામેનથી શરૂઆત કરનાર હિતુભાઈ પટેલ ૧૨ જેટલી ગુજરાતી સફળ ફિલ્મોના દિગ્દર્શન કરી ચુક્યા છે. દિગ્દર્શક તરીકે ટીવી સીરીયલથી શરૂઆત કરી અને પ્રથમ સીરીયલ 'તાગડધીન્ના' હીટ ગઈ ત્યારબાદ હુતોહુતી, રીદ્ધી સિદ્ધિ, ભેદભરમ, શ્રદ્ધા જેવી ૨૦ જેટલી સીરીયલો બનાવી પોતાની કલાનો પરચો આપી દીધો. સાલ ૨૦૦૦માં પ્રથમ ગુજરાતી ફિલ્મ મહિયરની માયાથી ફિલ્મ દિગ્દર્શકનની શરૂઆત કરી. ગુજરાતી ફિલ્મો આજે અર્બન અને રૂરલ એરીયામાં અલગ અલગ વર્ગ ધરાવે છે. તે જોઈ દર્શકોની માંગ લઈ સારી માવજત કરવામાં તો ફિલ્મો અવશ્ય ચાલશે જ. આજે 'આવોરી'ના ઉદ્‌ઘાટનમાં આવેલ હિતુભાઈએ વધુમાં જણાવ્યું કે બોલીવુડમાં એક જોતા ગુજરાતીઓ કોઈપણ પ્રવૃત્તિ હોય આજે ગુજરાતીઓનુ ટેલેન્ટ દેખાઈ રહ્યું છે. એટલે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ પાછળ છે તે કહી ન શકાય. હા... તેને હજુ સારૂ મઠારીને રજૂ કરવામાં આવે તો અવશ્ય ઉત્તમ અને ઉત્કૃષ્ઠ ફિલ્મ બનાવી શકાય. ગુજરાતી વર્ગ ફિલ્મો જોવાનો શોખીન છે જ. ગુજરાતમાં જ ફિલ્મોને લગતી તમામ વાતો પ્રાપ્ત છે તો શા માટે આપણા લોકોને મનોરંજન પુરૂ પાડીને ભારતમાં આપણી આગવી ઓળખ આપી શકીએ અને ઈન્ટરનેશનલ સ્તર પર નોંધ લેવાય તેવું હિતુભાઈ પટેલનું માનવું છે.

અમદાવાદ પબ્લીક સ્કૂલ, મધર ડેરી સામે અભિનય અને ડાન્સના સમરકેમ્પનું ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાઈ ગયો. તા. ૮ મે થી ૧૭ મે દરમ્યાન ચાલનારા આ કેમ્પમાં મુખ્ય મહેમાનપદે ગુજરાતી ફિલ્મોના જાણીતા ડીરેક્ટર હિતુભાઈ પટેલ, 'આવોફી' સંસ્થાના બ્રાન્ડ એમ્બેસેડર ગુજરાતી ફિલ્મોના જાણીતા ખલનાયક ફિરોઝ ઈરાની ઉપસ્થિત રહ્યા હતા. 'આવોફી' સંસ્થા ગુજરાતના ખૂણે ખૂણેથી યંગ ટેલેન્ટને આગળ લાવી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને એક ખાસ જગ્યા આપવાના હેતુથી આ શીબીરનું આયોજન સીઈઓ દિનેશ ડિકાણી અને ક્રિએટીવ દશરથ મેવાલ દ્વારા કરી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# જણાવું ?... બેડોપાર થઈ જાય એવું વાક્ય?

**હાસ્ય કટાક્ષિકા**
**ધૂપસળી ધુણાવે આકાશ**
*ગિરા પિનાકીન ભટ્ટ*

'શાકભાજી ખરીદવાની છે....' એ સાંભળતાં જ હું આનંદ વિભોર બની જાઉં.. કડક સાડી ને હાથમાં પર્સ, ઊંચી હીલના સેન્ડલને છુટ્ટાવાળ, કોઈ બ્યુટીક્વિન જાણે હરીફાઈમાં ચાલી...

'ભાઈ.... કેટલીવાર છે?'

'અરે... અરે! બસ, આ લિપસ્ટીક થોડીક ડાર્ક કરી દઉં...'

'ઓ. કે. ... બાબા.. સોરી... બેબી..'

મારા ગોરધન એટલે કે મારા ઘરવાળા તો તૈયાર જ હોય. ઘરનાં કપડાં જ સારાં પડે. શાકમાર્કેટ જવાનું છે કંઈ જલસામાં થોડું જવાનું છે હૈ? એઠલે ઘાણી ફેરવતાં થયો હોય તેવા તેલવાળાં કપડાં સાથે એ નીકળી પડે. સલમાનખાનની અસર ચડી જાયને તો... તો... શાકમાર્કેટમાં એમનો શર્ટ ઉતરાવી ઘણી ગૃહિણીઓ તેલ નિતારી લે ને એ આપી દે મસ્તીથી આજનું તેલ... મતલબક આજે દાળ-શાકનો વઘાર થયા એટલું તેલ મળી ગયું સાવ મફતમાં.. બોસ એન્જોય..

જલસા કર.. બાપુ, જલસા કર... જગ જાયે તેલ લેવા જલસા કર... પણ હું એમને સલમાન ન થવા દઉં.. સલમાન તો હજુ કાચો..કુંવારો છે. જયારે એમના માથે હું બેઠી છું ને બાર બાપ બાર ફૂટની છે. કોઈની હિંમત કે એમનું તેલકાટે?

એમનું પેન્ટ એટલે.. ઊંટને એલિફન્ટનાં કપડાં.. શાક વિણતી વખતે ઉઠ-બેસ કરતાં ફાટી ન જાય. ચેઈન ચીડાઈને આડી ન થાય. યે બધી કાળજી મારે લેવી જોઈએ કે નહીં? ને તે હિસાબે પેન્ટ લેંઘા ખૂલતા જ સારાં. મારું ચાલેને તો લુંઘી સાથે લઈ જાઉં શાકમાર્કેટમાં. પરંતુ, સ્કૂટરને કીક મારતાં લૂંઘી ફસાય છે ને મારા એ ફસડાઈ પડે તો? તો... ગજબ થઈ જાય... શાક કોણ લાવી આપે? મને શાક વગર જરાય ન ચાલે. બાકી એમને કાંઈ વાંધઓ નહીં. એ તો દાળ-રોટીથી જમી લે. પાછા મસ્તીથી, એટલે આવા એલિફન્ટ પેન્ટ સીવડાવનાર પણ હું જ. દરજીભાઈને કાકી મગજમારી નહીં... ફીટીંગ બાબતે.

શાકમાર્કેટમાં સહુની નજર મારી ઉપર. હું હરખાઉં.. આ..હા...હા... શું સેકસી ફીગર છે. મારા ઘરવાળા પૂછે... 'ગિરા, આ ટીંડોળાં સારાં છે, વીણી લઉં? પણે.. ભીંડા કૂણા છે, ને પેલી તુવેર ભરેલી લાગે છે.. પણ તું સહેજ વાંકી ના વળતી હોં.. તારી કડક સાડીમાં કરચલી પડે એ આ બંધાને ન ગમે..

શાકવાળાઓ હરખાય. 'સાહેબ.. બેનને જબ્બર સાચવો છો હો...'તે સાચવું જ ને! વર્ષો પહેલાં વાડી શણગારતો હતો. એ જોઈ એનાથી હરખાઈને એક શેઠે ગાડી શણગારવા આપી અને નશીબ ઉગડી ગયા તો હવે લાડી શણગારું છું. બાકી, એને શાક સમારવા પણ નથી દેતો. એના અંગૂઠા ઉપર એક ચાકુનો લસરકો ના હોવો જોઈએ. ને જો એકેય લસરકો પડે ને તો.. તો. ..મારા હૃદયે ઘા પડે, ઊભોને આડો...

અમારા એની વાતો બહુ લાંબી ચાલે... ગાડીના ડબ્બા જેટલી વાતને ટૂંકાવતા મેં પૂછ્યું.. કેટલા દેવાવા છે?

'દસ રૂપિયા..'

જાવ... જાવ.. દસ તે હોતા હશે? બહુ ભાવ વધારી દીધા, આ અકકલ બૂઠાં (ટીંડોળાં)નાં ભાવ આટલા બધા? કોણ પાપ? ઘેર જઈ સમારે ત્યારે દસે આંગળા ડોબા જેવા થાય, ને અડઘો સાબુ ઘસી નાખે, એટલે અડધા સાબુના પૈસા બાદ કરી પાંચ રૂપિયા દઉં છું.

'ના...ના.. નહીં ચાલે, મૂકી દો, ટીંડોળા, એક તો એકકે ભણીવિણીને લો છો ને પૈસા બાબતે કચકચ...'

'જો... ભાઈ, મારા એ છે ને સાવ ભોળા ભટાક.. શંકર ભગવાન જેવા જ..

જુઓ બેન, શંકર શાક લેવા ગયા હોય એવું આમા શિવપુરાણમાં કયાંય આવતું નથી. એટલે..

પણ... આ પાર્વતીને શાક લેતાં કયા આવડે છે...

પણ પાર્વતીને પૈસા ગણતાં તો આવડે છે બરાબર...

ભગવાન શંકર શાક લેવા ગયા નથી. ને પાર્વતીએ કયારેય પૈસા ચૂકવ્યા નથી. વાત તમારી સાવ સાચી, પણ.. ટીંડોળાના ભાવ આટલા બધા? કમને રકષ્ઠક છોડું ને વધું આગળ સાડીને એકેય કરચલી ન પડવા દેવાય.. એથીય વધારે અંગૂઠા ઉપર એકેય ચાકુનું નિશાળ દેખાવું ન જોઈએ.. કેવા મારા ઘરવાળા? મારા મેં ઉપર કરચલીઓનાં નિશાળ જ નિશાન! આશ્ચર્ય, અચર જ, ગુસ્સો... રીસ, ખીજ.. આ બધાં કેટકેટલાં નિશાનો ઊભા કરી દે છે મોં ઉપર છતાં.. એમનું મૌન અતૂટ. બોલે તો બે પાપ, ઘરવાળીને ન ઓળખે તો જાય કયાં? પાંચ રૂપિયા મૂકયા ન મૂકયા ને ચાલી જવાનું.

લગ્ન પછી લેવાયેલા શપથમાં જ કહેલું કે શાકમાર્કેટમાં હું બોલું તો તમારે મૌન રહેવાવું.. એકપણ શબ્દ બોલે તો.. એકે'ક શબ્દે એકેક સાડી.. કોરીને કડક ખરીદી લેવાની અને આવા કક નિયમનું એ પાલન કરે છે, ને ન કરે તો બિલ આખરે ફાટે કોના નામે હે?

શાકભાજીની પરિદી થઈ જાય, બબ્બે થેલા ખભે ઊંચકી ઘાણીના બળદ જેવા થયેલા મારાએ હાંફતા-હાંફત ફૂટની દુકાને આવે. ખભે ઊંચકેલી ઘુંસરી હળવેકથી નીચે ઉતારી.. જો એમાં ઉતારવળ કરી તો.. હંટરવાલીના હાથ જોઈ ફફડી ઉઠે.

દ્રાક્ષ ઉપર ટેટી, તડબૂચએ કયારેય ન મૂકે, ને મારાથી એમ જ મુકાઈ જાય, તે હિસાબે થેલા-થેલીમાં મૂકવા બાબતે પણ છૂટી જવાનું. ઘરે આવીને... 'તું બહુ થાકી ગઈ હોઈશ, બેસીને, પંખો ચાલુ કરી દઉં.. ફૂટ ધોવાઈને ચાવી જાય, ચાકુ તો પાછું આપણે ઝાલવાનું જ નહીં, સહુ સ્ત્રીઓ બોલો એક અવાજે...' નારી શક્તિ મહાન હૈ

ઘરે ઘરઘંટી છે, પણ હું તો એને વરઘંટી જ કહું. કમાણી કરી લાવી આપે ઘરવાળા પાછું.. તું દળતી નહીં, તારા વાળમાં ને મોં ઉપર લોટ- લોટ થાય, રવિવારે મારે બીજું કામ શું હોય? એટલે વરઘંટી પણ એ જ ચલાવે... કેટકેટલી માથાકૂટથીબચી જવાય છે. બસ.. નથી આવડતું.. એટલું વાકય બોલી દેવાનું. પછી આપણો બેડો પાર..

તા.ક. આ છાપામાં કંઈક આવ્યું છે.. ઘેર-ઘેર વાતો થાય છે. એ લેખ કદાચ તમારા માટે જ લખાયો છે.. પણ વાંચતાંય કયાં આવડે છે? વાંચી સંભળાવોને!